Chap-2

# પ્રકરણ ૨

# સંપાદક, સંશોધક અને વિવેચક તરીકે 'સાગર'

## વિભાગ ૪

## ગદ્યલેખક તરીકે 'સાગર'

### પ્રકરણ ૨

### સંપાદક, સંશોધક અને વિવેચક તરીકે 'સાગર' :-

"'સાગર'ની પત્રરેષા" દ્વારા અર્વાચીન ચિંતનાત્મક ગદ્યકારોમાં 'સાગર' વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. તે આપણે વિગતે જોઇ ગયા. સંપાદન-સંશોધન તેમ જ વિવેચનના ક્ષેત્રમાં 'સાગર'નું પ્રદાન કયા પ્રકારનું છે તેની સમીક્ષા કરવાનો આ પ્રકરણમાં પ્રયત્ન કર્યો છે.

'સાગર'ના નીચેના પાંચ સંપાદનો તેમ જ "'કલાપી' અને ત્હેની કવિતા" નામક વિવેચન-લેખ સંપાદન-સંશોધન તેમ જ વિવેચન ક્ષેત્રે સાગરે કરેલી સેવાના સંદર્ભમાં તપાસીએ :

| | | | |
|---|---|---|---|
| : ૧ : | ગુજરાતી ગઝલિસ્તાન | — | ઇ.સ. ૧૯૧૩ |
| : ૨ : | સંતોની વાણી | — | ઇ.સ. ૧૯૨૦ |
| : ૩ : | અપ્રસિધ્ધ અક્ષયવાણી અર્થાત અખાકૃત કાવ્યો ભાગ - ૨ | — | ઇ.સ. ૧૯૩૨ |
| : ૪ : | 'કલાપીનો' કેકારવ | — | ઇ.સ. ૧૯૩૧ |
| : ૫ : | 'કલાપીની' પત્રધારા | — | ઇ.સ. ૧૯૩૧ |

### : ૧ : ગુજરાતી ગઝલિસ્તાન :-

ઇ.સ. ૧૯૧૩માં ગુજરાતી ગઝલોના સંગ્રહનું સર્વપ્રથમ સંપાદન કરવાનો યશ 'ગુજરાતી ગઝલિસ્તાન' દ્વારા 'સાગર' પ્રાપ્ત કરે છે. ૬૪ કવિઓની ૨૪૫ ગઝલોનું આ સંગ્રહમાં સંકલન કરવામાં આવ્યું છે. ફારસીના જાણીતા વિદ્વાન શ્રી રણછોડભાઇ ઉદયરામનો ફારસી કવિતા રચના નામનો લેખ સાગરે 'ગુજરાતી ગઝલિસ્તાન'ના પ્રારંભમાં

મૂકયો છે. આ લેખ ધ્વારા ગઝલના સ્વરૂપ વિષે તેમ જ છંદોવિધાન પરત્વે કેટલીક ઉપયોગી માહિતી પણ આપવામાં આવી છે.

પ્રસ્તાવનામાં સાગરે કહ્યું છે તેમ : "ગઝલના સાહિત્ય વિષે — સૂફીવાદના વિવરણ સાથે એક વિસ્તારી નિબંધ ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય આ ગ્રંથના હિબાચા તરીકે શામિલ કર્યો છે. અને પુસ્તકને અંતે અગત્યની ગઝલોની માર્ગદર્શક સંક્ષિપ્ત ટીકા તેમ જ અઘરા શબ્દોના અર્થ પણ આપ્યાં છે.

પ્રો. મણિલાલની ગઝલ પર પ્રો. આનંદશંકર ધ્રુવ તેમ જ નર્મદની રચના ઉપર શ્રી રણજીતરામ બાવાભાઇ મહેતાએ ટીકા લખી છે. કાન્ત રા.બ. રમણભાઇ નીલકંઠ તેમ જ શ્રી કૃષ્ણલાલ ઝવેરી જેવા વિદ્વાનોએ આ સંગ્રહ તૈયાર કરવામાં અમૂલ્ય સહાય આપી છે. આ ઉપરાંત શ્રી જીવણલાલ અમરશી મહેતા અને શ્રી મણિભાઇ દા. ત્રિપાઠીએ પ્રકાશનકાર્યમાં આપેલી કિંમતી સહાયનો પણ આ પ્રસ્તાવનામાં ઉલ્લેખ કર્યો છે. આ સંગ્રહના સંપાદનમાં ગુજરાતના તે સમયના મોટાભાગના સાક્ષરોએ આપેલા સહકાર પરથી સાગરનો તેમની સાથેનો ગાઢ સંબંધ જોઇ શકાય છે.

'કાન્ત'ની સૂચના પ્રમાણે સાગરે દરેક લખનારની અસલ જોડણી કાયમ રાખી છે. તેમ જ ઉર્દૂ શબ્દોમાં નૂકતા મૂકવાને બદલે જ ને ઝ વ્યંજનોનો જ ઉપયોગ કર્યો છે. વળી જેમણે માત્ર તખલ્લુસ આપ્યાં છે તેમનાં પૂરાં નામ, સાલ વગેરેની વિગતો આપી નથી. 'સાગર' પ્રસ્તાવનામાં કહે છે તેમ "તખલ્લુસથી લખનાર જાતે જ જયારે વ્યક્તિના વિશેષ નામને મહત્ત્વ ન આપતાં એને હેતુપૂર્વક તખલ્લુસના પડદામાં રાખવા ચાહે છે ત્યારે એ પડદો કેવળ કુતૂહલની ખાતર ચીરવો

આપણને બિલકુલ છાજતું નથી".[1] 'સાગર'ની આ દલીલમાં બહુ વજુદ નથી કારણ કે માર્ગદર્શક ટીકામાં સાગરે નરસિંહરાવ ધ્રુવ – અરવિંદ, કૃષ્ણદાસ નરસિંહદાસ પરીખ – તકિલ, અનુપરામ દીનબંધુ – દીનબંધુ, જટીલ – જીવનરામ લક્ષ્મીરામ દવે, જેવા કવિઓની વિગતો આપી છે, જે આની પ્રતીતિ કરાવે છે. 'સાગર'ના પોતાના મિત્રવર્ગમાંના કેટલાંક ઓછા જાણીતા ગઝલકારોની કૃતિઓ પણ સાગરે પ્રગટ કરી છે. 'પ્રવાસી' – શ્રી દયાશંકર કરૂણાશંકર ત્રિપાઠી 'વિષ્ણુ' – શ્રી વિષ્ણુપ્રસાદ દ. ત્રિવેદી, 'મણિભાઇ' – શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી, 'દિલચમન' – શ્રી ચિમનલાલ સોમનાથ ત્રિપાઠી, 'લલિત' – શ્રી જન્મશંકર હ. બૂચ, 'કુંજ' – શ્રી ચિમનભાઇ દા. ત્રિપાઠી, 'મસ્તાન' હરિલાલ મથુરદાસ મશર વગેરેની માહિતી સંગ્રહકારે કાળજીપૂર્વક આપવાની જરૂર હતી. 'બાલ', 'કલાપી', 'દેરાસરી' તેમ જ સાગરની પોતાની ગઝલોનું સંખ્યાબળ ઘટાડીને બીજા કેટલાંક કવિઓને સ્થાન આપી શકાયું હોત. કાવ્યના અનુક્રમને બદલે કવિઓના નામ પ્રમાણેનો ક્રમ રાખી એક જ કવિની બધી કૃતિઓ એકસાથે પ્રગટ કરી હોત તો એક સર્વાંગી ચિત્ર ધ્વારા ગુજરાતી ગઝલસાહિત્યનો તેમ જ તે કવિઓની કૃતિઓના ઐતિહાસિક ક્રમની દષ્ટિએ અભ્યાસ કરવામાં વધારે સુગમતા પ્રાપ્ત થાત. સાગરે આ સંગ્રહને અંતે કેટલાંક અગત્યના શબ્દોનો અર્થ તેમ જ ટીકાં આપ્યાં છે.

મણિલાલની કૃતિઓ ઉપર પ્રો. આનંદશંકર ધ્રુવની નર્મદની કૃતિ ઉપર શ્રી રણજિતરામ વાવાભાઇ મહેતાની તેમ જ 'કલાપી'ની ગઝલો ઉપર 'કાન્ત'ની ટીકાના ગઝલોમાં અભિવ્યક્ત થયેલી ભાવના

---

૧. ગુજરાતી ગઝલિસ્તાન, પૃ. ૭

સમજવામાં ખૂબ ઉપકારક બની છે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી, ન્હાનાલાલ, 'મકરંદ', 'કાન્ત', 'લલિત', શ્રી ચંદ્રશંકર પંડયા, 'કુંજ', 'બુલબુલ' જેવા જાણીતા કવિઓની ગઝલો પ્રાપ્ત કરી પ્રથમવાર પ્રગટ કરી છે. 'બાલ', મણિલાલ, 'કલાપી', દેરાસરી, અમૃત કેશવ નાયક, 'મસ્તાન' જેવા જાણીતા ગઝલ કવિઓની તેમ જ તેમની પોતાની ગઝલ રચનાઓ પણ પ્રગટ કરી છે. પરંતુ કેટલીકવાર ગઝલોની પસંદગીમાં કાવ્યત્વની દૃષ્ટિ ધ્યાનમાં રાખી નથી. 'દીનબંધુ', 'તકિલ', 'મણિભાઈ', 'દિલચમન', 'પ્રવાસી', 'સ્નેહજયોતિ', 'રસૂર', કરીમ મહમદ માસ્તર, હાજીમહમદ અલારખિયા - શિવજી જેવા ઓછા જાણીતા કવિઓની તેમ જ સ્ત્રીકવિઓ હરિસુખગૌરી, સૌ. કાન્તા, સૌ. હીરાબેન, સૌ. જ્ઞાનમણિ જેવાની કૃતિઓ પણ પ્રાપ્ત કરી પ્રગટ કરી છે.

આમ, સંપાદનમાં વૈવિધ્યનું પ્રમાણ સવિશેષ છે, એટલે સામાન્ય કોટિની તેમ જ ઉચ્ચકોટિની એમ ઇ.સ. ૧૯૧૨ સુધીની પ્રગટ-અપ્રગટ તમામ કક્ષાના કવિઓની કૃતિઓનો આ પ્રતિનિધિ સંગ્રહ બન્યો છે. અને એ દૃષ્ટિએ એનું મૂલ્ય સવિશેષ છે. 'ગુજરાતી ગઝલિસ્તાન'ના અવલોકનમાં આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ દિગ્દર્શન માં કહયું છે તેમ ગોવર્ધનરામ, 'લલિત', જેવા કવિઓની ગઝલો સૂફીવાદની સાંપ્રદાયિક-તામાં બહાર આવી છે. અને ગઝલના કાવ્ય પ્રકારમાં ગમે તે ભાવની અભિવ્યકિત થઇ શકે એ સાબિત કરી આપ્યું છે.[૨]

'સાગર'ની માર્ગદર્શક ટીકા પરત્વે એક મુદ્દો ખાસ નોંધવો જરૂરી છે. મસ્તકવિ 'બાલ'ની ભારતીભૂષણ માં પ્રગટ થયેલી કેટલીક

---

૨. 'દિગ્દર્શન' - આચાર્ય આનંદશંકર ધ્રુવ, પૃ.

ગઝલોમાંની 'એક દર્શનને૨છા' ની 'સાગર' ની ટીકા તેમ જ મણિલાલની એ કોણ છે ? અને સાત્વિક ત્યાગ જેવી ગઝલોનું સૂફીવાદની ઇશ્કે હકીકીની ભાવના પ્રમાણે સાગરે કરેલું અર્થઘટન તેમના પ્રત્યેના અહોભાવને કારણે થયેલું છે એ પણ સ્પષ્ટ જોઇ શકાય છે. 'બાલ' અને મણિલાલના બાહ્યજીવનના અભ્યાસીઓને એ સુવિદિત છે કે તેમની ગઝલો ઇશ્કેમજાઝીની હતી, ઇશ્કે હકીકીની નહીં. આવું અર્થઘટન વસ્તુની વિપરીત રજૂઆત કરનારું છે, તે પણ જોઇ શકાશે. આ સંદર્ભમાં 'ઉત્તરરામચરિત' અને 'ભક્તિસૂત્ર' માંથી આપેલા સમાનાર્થક અવતરણો પણ પ્રતીતિકર લાગતાં નથી તે પણ સ્પષ્ટ જ છે.

'ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય' નામક ઉપોદ્ઘાતમાં સાગરે વિસ્તારપૂર્વક સૂફીવાદની વિભિન્ન ભાવનાઓનો તેમ જ અદ્વૈતવાદ અને ભક્તિમાર્ગ સાથેનો તેનો સંબંધ પ્રથમવાર દર્શાવ્યો છે.

ગુજરાતી ગઝલ સાહિત્યને ઐતિહાસિક ક્રમમાં તપાસતાં દયારામની 'લગી હૈ યાદ તિહારી ચલી ચશ્મ તલ્વાર.'[3]

મદનમોહન પ્યારે, મહેબૂબ મેરા હૈ'[4] તેમ જ છોટમની ગઝલ 'એક સુનલો મેરી' ના દષ્ટાંતો ધ્વારા દયારામ અને છોટમ જેવા ગુજરાતી કવિઓએ હિંદી ગઝલો રચી છે તે પ્રથમવાર દર્શાવ્યું છે. જો કે દયારામભાઇથી પહેલાં પણ જૈન સાધુઓમાંના કેટલાકે સ્થળવર્ણન કરતી ગઝલો લખી છે. ડો. ભોગીલાલ જયચંદભાઇ સાંડેસરાએ 'વડોદરાની ગઝલ' ના લેખમાં સંવત ૧૮૫૨માં દીપવિજયે રચેલી ગઝલનો તલસ્પર્શી અભ્યાસ રજૂ કર્યો છે તે પરથી જોઇ શકાશે.[5]

---

૩. 'ગુજરાતી ગઝલિસ્તાન', પૃ. ૫
૪. એજન, પૃ. ૭
૫. સાહિત્ય – ફેબ્રુ. ૧૯૩૨

સાગરે ઉપોદઘાતમાં આ સંગ્રહના ગઝલકારોની લાક્ષણિકતાઓ પણ રજૂ કરી છે. વળી સૂફીવાદનો ભક્તિમાર્ગ તેમ જ અદ્વૈત તત્વજ્ઞાન સાથેનો સંબંધ દર્શાવી સૂફીવાદના અગત્યના સિધ્ધાંતગ્રંથોના આધારે તેની તાત્વિક સમીક્ષા પણ કરી છે. ગઝલનુ સ્વરૂપ તેમ જ છંદોવિધાન પરત્વે સાગરે રજૂ કરેલા મનનીય વિચારો અને ગુજરાતી ગઝલ સાહિત્યના ઐતિહાસિક ક્રમના સંદર્ભમાં દોરેલી રૂપરેખા આ ઉપોદઘાતના લાક્ષણિક અંગો છે. દી.બ. કૃષ્ણલાલ ઝવેરીએ ગુજરાતની ગઝલો માં 'સાગર'નો આ ઉપોદઘાત એકમાત્ર અભ્યાસપૂર્ણ લેખ તરીકે પ્રગટ કર્યો હતો.[૬] એ જ એની મૂલ્યવત્તાની પ્રતીતિ કરાવે છે. ઇ.સ. ૧૯૧૨ સુધીની ગુજરાતની ગઝલોને ઐતિહાસિક ક્રમમાં તપાસવા માટે શ્રમપૂર્વક તૈયાર કરેલો આ પ્રતિનિધિ સંગ્રહ - ગુજરાતી ગઝલિસ્તાન તેમ જ તેનો દિબાચો ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય સૂફી ગઝલકાર સાગરે ગુર્જરીદેવીને ચરણે ધરેલી અમૂલ્ય ભેટ છે.

: ૨ : 'સંતોની વાણી' - ઇ.સ. ૧૯૨૦ :-

પરમહંસ મહાત્મા શ્રી કલ્યાણદાસજીની સમાધિના શતવાર્ષિકોત્સવની જયંતિ નિમિત્તે ઇ.સ. ૧૯૨૦ના ઓક્ટોબર માસમાં અખાજીની કહાનવા બંગલાની (જિ.ભરૂચ) ગાદીના તે સમયના મહારાજ શ્રી ભગવાનજી મહારાજની સંમતિથી સાગરે પ્રણાલિકાના સંતોની વાણી પ્રસિધ્ધ કરી હતી. પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ : "આ આશ્રમમાં ઘણા સંત-મહાત્માઓની વાણીનો અપ્રસિધ્ધ ભજનભંડાર સંચિત કરનાર અને તેને સુરક્ષિત રાખનાર પરમપૂજ્ય સ્વામી

---

૬. 'ગુજરાતની ગઝલો', સંપાદક - દી.બ. કૃષ્ણલાલ ઝવેરી, પ્રસ્તાવના

શ્રી દયાનંદજી છે, અને આ સંતોની વાણી તેઓશ્રીના મહાન અનુભવનું અને સતત પરિશ્રમનું ફળ છે".[૭] આ પ્રકાશનમાં કહાનવાના 'સાગર'ના શિષ્ય શ્રી લીલાધર મૂળશંકર ભટ્ટે તેની નકલ કરવામાં તેમ જ અન્ય કાર્યોમાં કરેલાં પરિશ્રમનો પણ ઉલ્લેખ કર્યો છે. 'સંતોની વાણી'ના સંગ્રહકાર અને પ્રકાશક શ્રી ગભવાનજી મહારાજે પ્રસ્તાવનામાં આ આશ્રમના પ્રાચીન ભંડારમાંથી આ 'સંતોની વાણી'નું સંશોધન કરવામાં તેમ જ છપાવવામાં અને આ ગ્રંથનો ઉપોદ્ઘાત લખવામાં એમના પરમ મિત્ર સંતમણિ સાગરરાજે બજાવેલી સેવાનો પણ ઋણ સ્વીકાર કર્યો છે.[૮]

આ 'સંતોની વાણી' દ્વારા અખાજીના શિષ્ય લાલદાસજી, તેમના શિષ્ય હરિકૃષ્ણજી, હરિકૃષ્ણજીના શિષ્ય જીતામુનિ નારાયણ અને માતાજી રતનબાઈ તેમ જ જીતામુનિના શિષ્ય શ્રી કલ્યાણદાસજી અને ગૌરીબાઈની વાણી પ્રગટ કરી છે. આ અપ્રસિધ્ધ ભજનભંડાર ઈ.સ. ૧૯૧૨માં અભ્યાસ તેમ જ પ્રકાશનાર્થે શ્રી ભગવાનજી મહારાજે 'સાગર'ને સોંપ્યો હતો. આ અપ્રસિધ્ધ સાહિત્ય ૧૫ હસ્તપ્રતોમાં પ્રાપ્ત થાય છે.[૯] આ હસ્તપ્રતોમાંની અખાજી તેમ જ તેમની પ્રણાલિકાના સંતોની વાણીનો સાગરે તત્ત્વચિંતનની દૃષ્ટિએ અભ્યાસ કર્યો હતો. સાગર નાં પુત્ર ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠી પાસેનાં 'સાગર'ની આ અપ્રસિધ્ધ હસ્તપ્રતોમાંની વિભિન્ન કવિઓની કૃતિઓની યાદી પરિશિષ્ઠમાં આપી છે. 'સંતોની વાણી' અને 'અપ્રસિધ્ધ અક્ષયવાણી' દ્વારા અખાની તેમ જ પ્રણાલિકાના અન્ય

---

૭. 'સંતોની વાણી', પ્રસ્તાવના, પૃ. ૫

૮. એજન, પૃ. ૬

૯. પરિશિષ્ટ ૮માં હસ્તપ્રતોના ગ્રંથોની યાદી આપી છે.

સંતોની વાણીનું સાગરે સંપાદન કર્યું હતું. સાગરના બંને સંપાદનો પાછળ સૂક્ષ્મ અભ્યાસદૃષ્ટિ તેમ જ સ્નેહપૂર્વક કરેલો અથાગશ્રમ જણાયા વગર રહેતા નથી. સંતોની વાણીમાં સાગરે અખાજીની પ્રણાલિકા નામના સાઠેક પૃષ્ઠનો ઉપોદ્ઘાતમાં પોતાનો અભ્યાસ રજૂ કર્યો છે. આપણે વિગતે જોઇએ.


અખાજીની પ્રણાલિકા :--

આ ઉપોદ્ઘાતમાં સાગરે અખાજીની પ્રણાલિકા દર્શાવતું અક્ષયવૃક્ષ આપ્યું છે. આ અક્ષયવૃક્ષમાં માત્ર એક જ ડાળ ચિતરવામાં આવી છે.[10] સાગરની અપ્રસિધ્ધ ડાયરીમાં આ પ્રણાલિકા સાથે સીધો સંબંધ ધરાવતા બીજા કેટલાંક સંતોનો પણ ઉલ્લેખ થયો છે. બ્રહ્માનંદના ચાર શિષ્યો અખો, નરહરિ, ગોપાળ તેમ જ બુટાજી અને અખાજીની શિષ્ય પરંપરામાં લાલદાસજીના ગુરુભાઇ વિધાધર તેમ જ હરિકૃષ્ણજીના ગુરુભાઇ તરીકે જીવણદાસજીનો સીધો સંબંધ પણ દર્શાવ્યો છે. બ્રહ્માનંદના શિષ્ય તરીકે અખાનો સંબંધ સ્વીકારવા માટે કોઇ પ્રત્યક્ષ પૂરાવો પ્રાપ્ત થયો નથી. એટલે શ્રી ઉમાશંકર જોષી તેમ જ બીજા વિદ્વાનોએ એમાં શંકા દર્શાવી છે. સાગરે આ અંગેનો પોતાનો આધાર દર્શાવ્યો નથી. સંભવ છે કે હિમાલય નિવાસ દરમ્યાન અખાજીના અપ્રસિધ્ધ સાહિત્યનો અભ્યાસ કર્યા પછી આ અંગેની ચોક્કસ માહિતી સંશોધન કરીને તેમણે પ્રાપ્ત કરી હશે. એમની આ હકીકત પુરવાર ન થાય ત્યાં સુધી આ પ્રશ્ન વણઉકલ્યો જ રહે છે.

'સાગર'ની અપ્રસિધ્ધ ડાયરીમાં અખાજીની પ્રણાલિકાના બીજા સંતોનો ઉલ્લેખ કર્યો છે.[11] આ ડાયરીની માહિતીને આધારે આખું ઘટાદાર અક્ષયવૃક્ષ આ પ્રમાણે દર્શાવી શકાય.

---

૧૦. 'સંતોની વાણી', ઉપોદ્ઘાત, પૃ. ૨
૧૧. 'સાગર'ની અપ્રસિધ્ધ ડાયરી.


ॐ
જગજીવન સ્વામી
બ્રહ્માનંદ સ્વામી
નરહરિદાસજી
બૂટાજી
અખાજી
ગોપાળ
વિદ્યાધર
પ્રેમદાસ
લાલદાસજી
પ્રભુરામ
ભીખો
હરિકૃષ્ણ મહારાજ
જીવનદાસજી
વખતગિર
નીરાંતસાહેબ
કેવળપુરી
ગાંડારામ
નારાયણાનંદ
રતનબા
ગોરીબા
જીતામુનિ
સંતરામ
(નડિયાદ)
ચિદાનંદ
હરિદાસ
કુબેરદાસ
જાનકીદાસ
ગોહનલાલ
સગુણબા
બ્રહ્માનં
બ્રહ્મચારી
કૃષ્ણસાગર
(સારસા)
ખાખી
(ઓડ-ઉમરેઠ)
નૃસિંહાચાર્યજી
-(શ્રેયસા
અધિકારી
વડોદ
લક્ષ્મણદાસ
ઉપેન્દ્રાચાર્યજી
મુક્તાનંદ સ્વામી
કલ્યાણદાસજી
વિશ્વાનંદ
પૂર્ણાનંદસ્વામી
સર્વાનંદ
ધ્યાનાનંદ સ્વામી
સ્વરૂપાનંદ
અખંડાનંદ
ચૈતન્યાનંદ
ભગવાનજી મહારાજ

1336

'સાગર'ની ડાયરીમાં દર્શાવેલી આ હકીકતને જ પુરાવો માનીએ તો ગુજરાતની લગભગ બધી જ સંત-પરંપરાઓ સાથે એક યા બીજી રીતે અખાનો સંબંધ પ્રતિપાદિત થઇ શકે. નીરાંતસાહેબ, સંતરામ મહારાજ, કુબેરદાસજી, (કરૂણાસાગર) અને મોહનલાલ બ્રહ્મચારીના શિષ્ય શ્રીમત નૃસિંહાચાર્યજી તેમ જ તેમના જેવા સંતોનો અખાજીની પ્રણાલિકા સાથેનો સંબંધ અખાની જ્ઞાનમાર્ગી કવિતાની પરંપરાનો પ્રવાહ અર્વાચીન યુગના પ્રારંભ સુધી સતત વહે છે. એની પ્રતીતિ કરાવે છે. 'અખો અને મધ્યકાલીન સન્ત પરંપરા' (અપ્રગટ) પુસ્તકમાં આનો સંશોધનાત્મક અભ્યાસ ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ 'સાગર'ની ડાયરીમાંથી પ્રાપ્ત થયેલી હકીકતને આધારભૂત ગણીને રજૂ કર્યો છે. 'સાગર'નું આ મૌલિક સંશોધન જ્ઞાનમાર્ગી કવિતાનો અખાથી પ્રારંભાયેલો પ્રવાહ અર્વાચીન યુગના નૃસિંહાચાર્યજી સુધી સતત વહેતો રહયો છે તે સિધ્ધ કરી આપે છે.

'સંતોનીવાણી'ના સંપાદન ધ્વારા સાગરે નીચે દર્શાવ્યાં પ્રમાણેના સંત કવિઓની કૃતિઓ પ્રથમવાર પ્રસિધ્ધ કરી છે.

| કવિનું નામ | કૃતિઓ |
| --- | --- |
| : ૧ : લાલદાસજી : વીરપુર, તા. વાડાશિનોર : વિ. સ. ૧૭ – | ૨૭ પદો, ૩ ગરબી, વનરમણી તેમ જ કેટલાંક પ્રભાતિયાં અને સાખીઓ. |
| : ૨ : હરિકૃષ્ણજી : લખાપટેલની પોળ, અમદાવાદ : | ગુરુસ્તુતિ, પરિક્રમા, ઉપનિષદનાં સરવડાં – ૫ પદો, ૫ ધોળ, ગરબો, સાતવાર તેમ જ બીજાં ૨૫ પદો. |

| કવિનું નામ | કૃતિઓ |
|---|---|
| : ૩ : માતાજી રતનબાઈ, : વિ. સં. ૧૮૩૭ અમદાવાદ, લખાપટેલની પોળ, વિસલ નગર નાગરની હવેલી : | આરતી તેમ જ દસ પદો. |
| : ૪ : માતાજી ગૌરીબાઈ | ચાર પદો. |
| : ૫ : જીતામુનિ નારાયણ, : ઉત્તરાણ, જી. સૂરત : | ૨૨ પદો તેમ જ સાખીઓ. |
| : ૬ : કલ્યાણદાસજી, : કહાનવા બંગલો, જી. ભરૂચ, સમાધિ, ઇ.સ. ૧૮૨૦ : | સાત પદો, કાફર બોધ, અજગર બોધ. |

હરિકૃષ્ણજીએ કૃષ્ણજીના નામે પણ પદો રચ્યાં છે. ભાષાશૈલી, અભિવ્યક્તિ તેમ જ પરિભાષાની દષ્ટિએ તપાસતાં હરિકૃષ્ણજી અને કૃષ્ણજી બંને એક જ છે. કૃષ્ણજીના પદો વિષે ડો. સુરેશ હ. જોશીએ પોતાના મહાનિબંધ માં અનુભવાર્થી સંતકવિ તરીકે ઉલ્લેખ કર્યો છે. અને તે અખાનો પુરોગામી હોવાનું અનુમાન કર્યું છે. પરંતુ અપ્રસિધ્ધ હસ્તપ્રતોમાં કૃષ્ણજી અને હરિકૃષ્ણજીનાં ભેગા પદો સંગ્રહાયેલાં છે.

સાગરે સંપાદન માટે અખાજીની પ્રણાલિકાના સંતોની વાણીનો ઉપયોગ કર્યો છે. આ હસ્તપ્રતોની યાદી પરિશિષ્ટ ૮માં આપી છે. મૂળ હસ્તપ્રત નં. ૮માં આ પદો એક સાથેજ લખાયા છે એટલે આ બાબતમાં શંકા રાખવાને કોઈ સ્થાન નથી. પૂરતી માહિતીના અભાવે જ કૃષ્ણજી અને હરિકૃષ્ણજી એવી બે ભિન્ન વ્યકિતઓનું અનુમાન ડો. જોશીએ કર્યું છે.

હરિકૃષ્ણજી અને બીજી અનુભવી સંતોની વાણી સંશોધનાત્મક અભ્યાસ ધ્વારા પ્રથમવાર પ્રગટ કરવાનું શ્રેય 'સાગર' ને ફાળે જાય છે.

'સંતોની વાણી' ના 'સાગર'ના અભ્યાસપૂર્ણ સંપાદન-સંશોધન તેમ જ 'સાગર'ની ડાયરી' માંથી પ્રાપ્ત થતી માહિતી પરથી અખાથી પ્રારંભાયેલો મધ્યકાલીન જ્ઞાનમાર્ગી સંત પરંપરાનો પ્રવાહ અર્વાચીન યુગ સુધી કેવીરીતે અસ્ખલિતપણે વહયો છે તેનું યથાતથ દર્શન કરાવે છે. અને એ દૃષ્ટિએ પણ સંપાદન - સંશોધન ક્ષેત્રે 'સાગર' નું મહત્વનું પ્રદાન છે.

: ૩ : 'અપ્રસિધ્ધ અક્ષયવાણી' અર્થાત 'અખાકૃત કાવ્યો ભાગ ૨' - ઇ.સ. ૧૯૩૨ :-

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદના તે સમયના પ્રમુખ દી.બ. કેશવલાલ હ. ધ્રુવ સાથેના સ્નેહભર્યા સંબંધને લીધે ઇ.સ. ૧૯૩૨માં સાગરે 'અપ્રસિધ્ધ અક્ષયવાણી' યથાર્ત 'અખાકૃત કાવ્યો ભાગ ૨' ધ્વારા અખાની અપ્રસિધ્ધ કૃતિઓનું સંશોધન કરીને પ્રથમવાર પ્રગટ કરી હતી.

અખાના અપ્રસિધ્ધ ગ્રન્થો - (૧) કક્કા, (૨) બારમાસ, (૩) સાતવાર, (૪) ભજનો, (૫) અવસ્થા નિરૂપણ, (૬) જકડી, (૭) ઝૂલણા, (૮) એકલક્ષ રમણી, (૯) હિન્દી ભજનોનું ટીકા-ટીપ્પણ સહિત અખાજીની પ્રણાલિકાના અક્ષયવૃક્ષ વિશે માહિતી આપી આ કૃતિઓનો પ્રસ્તાવનામાં વિગતે પરિચય કરાવ્યો છે. આ કૃતિઓનું પ્રથમવાર શાસ્ત્રીય પધ્ધતિથી સંશોધન કરીને કરેલું સંપાદન 'સાગર' નું મહત્વનું પ્રદાન છે.

આ કૃતિઓ અખાની જ છે તે વિશે કોઇ સંદેહ રાખ્યા વિના વિદ્વાનોએ પદો-ભજનો તેમ જ બીજા કાવ્યપ્રકારો ધ્વારા અખાએ ગાયેલા સ્વાનુભવની મુકતકંઠે પ્રશંસા કરી છે. આ કૃતિઓ અખાની

પ્રણાલિકાના કહાનવા બગલાના અપ્રસિધ્ધ ભજન ભંડારની હસ્તપ્રતોમાંથી સંશોધન કરીને સાગરે પ્રગટ કરી છે. એટલે અખાની પ્રણાલિકા તેમ જ તેની સાથે સંકળાયેલા સંતોની સાગરે આપેલી માહિતી સાચી ઠરે છે. પરિણામે અખાની પ્રણાલિકા ધ્વારા મધ્યકાલીન સન્તપરંપરાનો પ્રવાહ અર્વાચીન યુગ સુધી અસ્ખલિતપણે વહયો છે એમ કહેવું આધારભૂત ગણાશે. અખાની પ્રણાલિકા અંગે ગુજરાતને આપેલી નવી દ્દષ્ટિ 'સાગર'નું મહત્વનું પ્રદાન છે.

'પ્રસ્તાવના'માં સાગરે અખાની પ્રણાલિકાનું અપ્રસિધ્ધ સાહિત્ય - હસ્તપ્રતો પોતાના અભ્યાસ માટે ઇ.સ. ૧૯૧૨માં તે સમયના કહાનવા બગલાના મહારાજ - તેમના શિષ્ય શ્રી ભગવાનજી મહારાજે સુપ્રત કર્યો હોવાનો અને તેની પ્રસિધ્ધિ માટે તેમણે ઉદારતાપૂર્વક આપેલી સંમતિનો ઉલ્લેખ કર્યો છે.[૧૨]

અખાની આ અપ્રસિધ્ધ વાણીનું મૂલ્યાંકન કરતાં સાગર કહે છે કે એમાં પરમાત્માની ભકિત છે, પરમાત્માનો યોગ છે અને પરમાત્માનો સંપૂર્ણ સ્વાનુભવ છે, કિંવા રસોન્મત્ત પરિભાષામાં બોલીએ, તો રસભોકતાએ અનુભવેલો ભૂમાબ્રહ્મનો નિર્ગુણ વિલાસ છે.[૧૩]

'અક્ષયવાણી'માં પ્રસિધ્ધ થયેલી અખાની કૃતિઓ જકડી, ઝૂલણા અને હિંદી ભજનોના અભ્યાસ પરથી જોઇ શકાય છે કે વેદાન્તી આત્માનુભવી અખો સૂફી સંત તેમ જ ભકત પણ છે. સાગરે અખાની આ કૃતિઓમાંથી નિષ્પન્ન થતું સૂફીસંત - ભકત તરીકેનું અખાનું દર્શન ગુજરાતને પ્રથમવાર કરાવ્યું છે. સંપાદકે પ્રસ્તાવનામાં

---

૧૨. 'અપ્રસિધ્ધ અક્ષયવાણી', પૃ. ૫
૧૩. એજન

આ હકીકત સ્પષ્ટ રીતે જાહેર કરી છે : "શ્રી અખાજી વેદાન્તી છે - જ્ઞાની છે એ વાતતો સર્વ કોઇ જાણે છે; પરન્તુ, તેઓ સૂફી સંત છે, આશક છે, ઓલિયા છે એ વગેરે ફકીરી ઇશ્કની વાતો તો આ ગ્રન્થ મારફત પહેલવહેલી જ જાહેરમાં આવે છે". [૧૪]

સાગરે પ્રસ્તાવનામાં અખાના સન્તપ્રિયા નામના હિન્દી ગ્રંથનું અન્વય વ્યતિરેક પ્રકરણ અખાની વાણી માં હોવાનું જણાવ્યું છે. પરંતુ તે બરાબર નથી. સન્તપ્રિયાનું અન્વય પ્રકરણ પ્રસિધ્ધ છે. માત્ર વ્યતિરેક પ્રકરણ જ અપ્રસિધ્ધ છે.

આ અપ્રસિધ્ધ કૃતિઓની ટીકામાં સાગરે અખાનું તાત્વિક દર્શન કેવલાદ્વૈત ભૂમિકાનું નથી પરંતુ અજાતવાદની ઉચ્ચતર ભૂમિકાનું છે - સ્વાનુભવી રહસ્યવેત્તાનું છે તેવું પ્રતિપાદન કર્યું છે. કેવલાદ્વૈત અને અજાતવાદ વચ્ચે રહેલો સૂક્ષ્મ ભેદ પણ સાગરે ટીકામાં પ્રથમવાર દર્શાવ્યો છે. Philosophy of Sri Akhaji એ વિષય પર એમ.એ. ની થીસીસ માટે ડો. કેશવલાલ ઠક્કરને એમણે આપેલા માર્ગદર્શનમાં પણ આ હકીકત દઢતાપૂર્વક રજૂ કરી છે. 'સાગર' નો 'અખાનું તત્વજ્ઞાન' નામનો અપ્રસિધ્ધ લેખ પરિશિષ્ટ ૫ ધ્વારા રજૂ કર્યો છે તે પરથી પણ 'સાગર' નું મંતવ્ય જોઇ શકાશે. ટીકા પરથી જોઇ શકાય છે કે અખાનો તેમ જ અજાતવાદની વિચારધારાનો સાગરે તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. 'સાગર'નું તાત્વિક દર્શન પણ અખાની કોટિનું - અજાતવાદની ભૂમિકાપરનું છે અને એમની વિચારધારા પરત્વે અખાની પ્રબળ અસર જોઇ શકાય છે. એ આપણે " સાગર નું તાત્વિક દર્શન" પ્રકરણ ૩માં વિગતે જોઇ ગયા છીએ. એટલે અહીં

---

૧૪. એજન, પૃ. ૬

પુનરાવર્તન કર્યું નથી.

અખાની અપ્રસિધ્ધ સાખીઓ 'સાગર'ના અનન્ય શિષ્ય ડો. કેશવલાલ અ. ઠક્કરે ઇ.સ. ૧૯૫૨માં પ્રસિધ્ધ કરી પોતાના ગુરુનું અધૂરું રહેલું કાર્ય પૂર્ણ કર્યું છે. અખાની પ્રથમકૃતિને અખેગીતા (વિ.સ. ૧૭૦૫) ને બદલે ગુરુશિષ્ય સંવાદ (વિ.સ. ૧૭૦૧) ને અખાની પ્રથમકૃતિ ગણવી જોઇએ. આ માટે પોતાની હસ્તલિખિત પ્રતમાંથી છેલ્લાં પૃષ્ઠનો ઉતારો પણ સાગરે લીથોમાં છપાવીને આધાર માટે રજૂ કર્યો છે. આમ, સાગરે યથાર્થરીતે અખાની પ્રથમકૃતિ તરીકે ગુરુશિષ્ય સંવાદને ગણાવી મહત્વની હકીકત સાબિત કરી છે. સાગરે પ્રસ્તાવના પછી આપેલાં બે ભજનોમાં અખાની આ અપ્રસિધ્ધ' પોતાને જ્ઞાનમાર્ગના ગુરુ તરીકે અખા નો નિર્દેશ કર્યો છે. કૃતિઓનું એક નિષ્ઠાપૂર્વક ભક્તિભાવથી કરેલું સંપાદન 'સાગર' નું મહત્વનું પ્રદાન છે. એમાં શંકા નથી.

: ૪ : "કલાપીનો કેકારવ" – ઇ.સ. ૧૯૩૧ :–

'સાગર' નાં બીજાં બે મહત્વનાં સંપાદનો "કલાપીનો કેકારવ" તેમ જ "કલાપીની પત્રધારા"માં પ્રેમયોગની દીક્ષા આપનાર ગુરુ 'કલાપી' પ્રત્યેનો પરમભક્તિભાવ તેમ જ દઢશ્રધ્ધા જોઇ શકાય છે. 'કલાપી' પાસેથી સાગરે પ્રાપ્ત કરેલી સ્નેહયોગની દષ્ટિ એમના આધ્યાત્મિક જીવન ઘડતરનાં પ્રારંભકાળનું મહત્વનું પ્રેરકબળ છે તે આપણે 'સ્નેહયોગનો પૂજારી' પ્રકરણ ૩માં વિગતે જોઇ ગયા છીએ.

'કલાપી' ની છ સ્વહસ્તલિખિત ડાયરીઓ તેમ જ બીજી કેટલીક અપ્રસિધ્ધ નોટબુકો વગેરે સાહિત્ય શ્રી 'સંચિત' તેમ જ શ્રી મુનિકુમાર ભટ્ટ પાસેથી તેમ જ લાઠીમાંથી કલાપીના પુત્ર

શ્રી પ્રહલાદસિંહજી પાસેથી અન્ય તમામ હસ્તલિખિત કાગળો તેમ જ કવિતાની નોટબુકો પ્રાપ્તકરીને સાગરે 'કલાપીના કેકારવનું પ્રમાણભૂત સંપાદન – સંશોધન કર્યું હતું.

કાવ્યના મૂળભાવને સમજવામાં ઉપકારક ડાયરીનાં અવતરણો તેમ જ સમાનાર્થક વિચારો પણ જહેમતપૂર્વક રજૂ કર્યાં છે. 'કલાપી' પ્રત્યેનું 'સાગર'નું મંતવ્ય 'સાગર'ની આધ્યાત્મિક ભાવનામાંથી જ નિષ્પન્ન થયેલું હોઇ એકપક્ષી બની જાય છે. સાગરે આ આવૃત્તિમાં હમીરજી ગોહિલ મહાકાવ્યનો ચોથો સર્ગ તેમ જ ચાળીસેક નવી કવિતા પ્રથમવાર પ્રાપ્ત કરી પ્રગટ કરી છે. અને એ દૃષ્ટિએ કેલાપીના 'કેકારવ'નું સંપાદન 'સાગર'નું મહત્વનું પ્રદાન છે.

: ૫ : "કલાપીની પત્રધારા" – ઇ.સ. ૧૯૩૧ :–

"કલાપીની પત્રધારા"ના સંપાદન ધ્વારા 'સાગર' ગુરુ પ્રત્યેનું તેમ જ કુમાર શ્રી જોરાવરસિંહજીએ પિતા પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. 'સાગર'ના વતનમાં સરગેજમાં ઇ.સ. ૧૯૨૮માં કુમારશ્રી તેમ જ પ્રકાશક જીવનલાલ અમરશી મહેતાએ 'કલાપી'ના પત્રોનો દળદાર ગ્રન્થ પ્રગટ કરવાનું નક્કી કર્યું અને 'કેલાપીના કેકારવની માફક તેનું સંપાદન – સંશોધનનું કાર્ય શ્રી સાગરે ખૂબ ભક્તિભાવપૂર્વક બજાવ્યું. 'કાન્ત'ના પુત્ર શ્રી મુનિકુમાર મ.ભટ્ટે સૌપ્રથમ કલાપીના પત્રો (૧૪૪) ધ્વારા મ.ન. ત્રિવેદી (૨ પત્રો), 'કાન્ત' (૫૦ પત્રો), જટિલ (૨૭ પત્રો), મહારાજા ભાવસિંહજી (૨ પત્રો), લલિત (૭ પત્રો), હરિસિંહજી (૭ પત્રો), ગો.મા. ત્રિપાઠી (૭ પત્રો) તેમ જ દરબાર શ્રી વાજસુરવાળા પર લખાયેલા (૫ પત્રો) તેમ જ

૩૬ પ્રકીર્ણ પત્રો પ્રગટ કર્યા હતા. શ્રી હરિસિંહજીએ કલાપી વિશે 'કાન્ત' ને લખેલા એક પત્રનો પણ આમાં સમાવેશ થાય છે.

'સાગર' સંપાદિત "કલાપીની પત્રધારા" માં ૧૫ વ્યક્તિઓ પર લખાયેલા ૫૩૫ પત્રો પ્રગટ થયા છે. શ્રી મુનિકુમારની આવૃત્તિ કરતાં કદમાં ત્રણગણી મોટી 'સાગર' ની આવૃત્તિમાં કલાપીની ત્રણ રાણીઓ, શ્રી આનંદરાય દવે, સંચિત, ગોરબીના મહારાજા શ્રી લખધીરસિંહજી, તાત્યાસાહેબ શ્રી ગિરધરદાસ દેસાઇ, કેપ્ટન ઓલ્ડફીલ્ટ સાહેબ, શ્રી હરિશંકર પંડયા, તેમ જ કુમાર શ્રી વિજયસિંહજી પરના પત્રો પ્રથમવાર પ્રગટ થયા છે. આ ઉપરાંત મણિલાલ દ્વિવેદીના ૧૦૮ પત્રો, રાણા શ્રી સરદારસિંહજીના ૯૯ પત્રો તેમ જ દરબાર શ્રી વાજસુરવાળા સાહેબ પર લખાયેલા ૧૦૭ પત્રો પણ પ્રસિધ્ધ કર્યા છે. સાગરે પોતાની આવૃત્તિમાં 'લલિત' અને ગો. મા. ત્રિપાઠી પરના કેટલાંક વધારાના પત્રો પણ પ્રાપ્ત કરીને પ્રગટ કર્યા છે. પત્રોની સંખ્યાની દ્રષ્ટિએ જોતાં સાગર'ની આવૃત્તિ ચડિયાતી છે. શ્રી મુનિકુમારની આવૃત્તિમાં ઉતાવળને કારણે કેટલીક ભૂલો થઇ છે. શ્રી મુનિકુમારે શ્રી વાજસુરવાળા પર લખેલા એક પત્રની (ક્રમાંક ૧૦૪-૧) તારીખ ૩૦-૪-૯૫ આપી છે. 'સાગર' ની આવૃત્તિ પ્રમાણે આ પત્ર ૩૦-૪-૯૬ને દિને લખાયેલો છે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીને લખેલા એકપત્રમાં કલાપી એ તા. ૧૯-૬-૯૩ ના દિને એ પત્ર લાઠીથી [illegible]

લખાયો હોવાનું અનુમાન કરીને પત્રના આરંભમાં લાઠી લખ્યું છે. આ પત્રમાંથી કાઢી નાખેલો ભાગ સાગરે પ્રગટ કર્યો છે. એમાં 'કલાપી' એ લખ્યું છે તે પ્રમાણે "આવતા શુક્રવારે ૨૩મી તારીખે હું લાઠીએ જઇશ"–[૧૫] આ પત્ર ગોંઘાથી લખાયો છે.

'સાગર'ની આવૃત્તિમાં વધારે કાળજી રાખવામાં આવી છે તે આ પરથી જોઇ શકાશે. શ્રી મુનિકુમારની આવૃત્તિમાં શ્રી સરદારસિંહજી, શ્રી ગો. મા. ત્રિપાઠી, શ્રી લલિત વગેરેનાં પ્રગટ થયેલા પત્રો 'સાગર'ની આવૃત્તિ સાથે સરખાવતાં સ્પષ્ટ થશે કે સાગરે બને ત્યાં સુધી સાલ આપવાનો તેમ જ શ્રી મુનિકુમારે કાઢી નાખેલા અગત્યના ભાગ સાથે મૂળ પ્રમાણે પત્રો પ્રસિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

"'કલાપી'ની પત્રધારા" માં સંગ્રહાયેલા ૫૩૫ પત્રોમાં 'કલાપી'ના હૃદયની નિખાલસતા, તેમનો પુષ્પ જેવો મૃદુ સ્વભાવ અને મિત્રો પ્રત્યેનો વિરલ સ્નેહ, વિવેકના બાહ્યાચારો પ્રત્યેનો તિરસ્કાર, રાજ્ય ખટપટને કારણે નિર્વેદ વૃત્તિ તેમ જ એમની કવિતાનાં પ્રેરકબળોનું દર્શન થાય છે.

શ્રી આનંદરાય દવેને તા. ૧૦–૪–૧૯૦૦ ના દિને કલાપી એ લખેલા એકપત્રમાં પોતાની કવિતા વિશે આ પ્રમાણે જણાવ્યું છે: "મ્હારી કવિતા માટે તું લખે છે તે સાચું નથી. સમરૂપની દષ્ટિથી કવિતા લખી શકાય છે અને ઉર્દુ ગઝલો બધી એવીરીતે લખાઇ છે.

---

૧૫. 'કલાપી'ની પત્રધારા," પૃ. ૪૧૩

અત્યારે હું કવિતા લખું છું તે જે તું સુદર્શન માં વાંચે છે તે ... ... ને સંબોધીને નથી લખાતી, કોઇ વ્યક્તિને સંબોધીને નહિ, પણ પ્રભુ તરફ દષ્ટિ રાખીને લખાય છે".[૧૬]

'કલાપી'ની ઇશ્કે મિજાજી અને ઇશ્કે હકીકીની સૂફીવાદી ભાવના વ્યક્ત કરતી કવિતા વચ્ચેનો તફાવત આ પત્રને આધારે સહેલાઇથી દર્શાવી શકાય તેમ છે અને એ દષ્ટિએ આ પત્ર ખૂબ મહત્ત્વનો છે. પત્રોમાં કેટલોક ભાગ કાઢી નાંખ્યો છે તે યોગ્ય લાગતું નથી પરંતુ અગત્યકારણોસર તેમ કરવું પડયું છે. એટલે સંપાદકને આ અંગે દોષ દઇ શકાય તેમ નથી. 'પત્રધારા'ની પ્રસ્તાવનામાં કુમાર શ્રી જોરાવરસિંહજી ગોહેલે જણાવ્યા પ્રમાણે "પત્રોમાં જે ભાગ ખાનગી અથવા બિનજરૂર લાગ્યો છે તે કાઢી નાખીને તેને બદલે ... ... ... આવાં ચિહ્નો મૂકયાં છે. વિશેષ નામો તો ઘણે ભાગે કાઢી જ નાંખ્યા છે".[૧૭] સાગરે આજીવન અગ્નિહોત્ર વ્રત ધારણ કર્યું હતું એટલે માત્ર દૂધ તેમ જ ફળાહાર પર રહીને પણ મહિનાઓ સુધી ખૂબ શ્રમ લઇને પોતાના ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવા માટે અનન્ય ભક્તિ ભાવપૂર્વક એકનિષ્ઠાથી આ સંપાદન કર્યું છે તે જોઇ શકાય છે. એમના કાર્યમાં એમની સાથે એમના શિષ્ય ડો. કેશવલાલ ઠક્કર રાજકોટ રહયાં હતા.

કલાપીની કવિતાને તેમ જ માનસ ઘડતર, પ્રણયમીમાંસા તેમ જ વ્યક્તિત્વને સમજવામાં ઉપકારક કલાપીની પત્રધારા નું સાગર નું સંપાદન ગુજરાતને મહત્વનું અર્પણ છે એમાં શંકા નથી.

---

૧૬. એજન, પૃ. ૩૮૯

૧૭. એજન, પ્રસ્તાવના, પૃ. ૬

કલાપી અને ત્હેની કવિતા :-

"ન્હાનાલાલ, ખબરદાર, બોટાદકર, 'લલિત', 'સાગર' જેવા ગઇ પેઢીના સમર્થ કવિઓએ પોતાની કવિતાના પ્રારંભાવસ્થાના કાળમાં 'કલાપી'માંથી પ્રેરણા પીધી છે". [૧૮] "'કલાપી' અને તેની કવિતા" નામનો સાઠેક પાનનો સાગર નો વિવેચન લેખ ઇ.સ. ૧૯૦૩માં 'કાન્ત' ધ્વારા કલાપીનો કેકારવ વાંચ્યા પછી પ્રભાવિત થઇને લખાયો હતો.

'સાગર'ની પોતાની માનસદશાને અનુકૂળ કલાપીની કવિતાઓ હોવાને કારણે સાગરે 'કેકારવ'નો તલસ્પર્શી અભ્યાસ કર્યો. 'કલાપી'ની કવિતાનો સર્વાંગી અભ્યાસ આ પુસ્તિકામાં રજૂ થયો છે.

'કાન્ત' ધ્વારા 'કલાપી'ની કવિતા પર સ્વીડનબોર્ગની થયેલી અસર વૃધ્ધ ટેલિયો તેમ જ ખ્રીસ્તિધર્મની અસર 'ઋણ' કાવ્યમાંથી દષ્ટાન્તો આપી સાગરે દર્શાવી છે. આ ઉપરાંત ગેટે, શોપનહોર, હર્બર્ટ સ્પેન્સર, વર્ડઝવર્થ, મિલ્ટન તેમ જ બીજા કેટલાંક કવિઓ તેમ જ વિચારકોના મંતવ્યો સાથે સૂક્ષ્મ વિવેકદષ્ટિથી કલાપીનું સામ્ય પણ એમણે દર્શાવ્યું છે.

'સાગર'નો પોતાનો કવિતાનો માપદંડ આ પ્રમાણે છે : "જે કવિતામાં જીવન હોય, પ્રાણ હોય અને હલાવનારૂં ચૈતન્ય હોય તે જ કવિતા સફળ કવિતા છે, એ જ કવિતા જનસમાજની સેવા કરી શકે છે. જનસમાજને દોરી શકે છે". [૧૯] 'કલાપી'ના કાવ્યોનું સૌપ્રથમ પૌરાણિક અથવા ઐતિહાસિક વસ્તુ પર આધારિત, ભાષાંતર અથવા અનુવાદિત તેમ જ કલ્પિતરૂપક આપીને લખેલાં - એમ ત્રણપ્રકારે વર્ગીકરણ

---

૧૮. "'કલાપીનો કેકારવ" - પાંચમી આવૃત્તિ, ડો. ઇન્દ્રવદન કા. દવે, પૃ. ૬૦
૧૯. "'કલાપી' અને ત્હેની કવિતા", પૃ. ૧૧

કર્યું છે અને એ પછી 'કલાપી' કવિ કે સ્નેહી? એ પ્રશ્નની તલસ્પર્શી ચર્ચા કરી છે. હિસ્ટ્રી ઓફ જર્મન લિટરેચર વોલ્યુમ ૨ – સ્કેરર માંથી અવતરણ આપી સાગરે 'કલાપી'ની લાગણીપ્રધાન શૈલીનો યથાર્થ પરિચય પણ કરાવ્યો છે.[૨૦] જર્મન સાહિત્યમાં મહાનકવિ ગેટેનું જે સ્થાન છે તે જ ગુજરાતમાં કલાપી નું છે. મૃદુતા અને સ્નેહભીની કોમળતા 'કલાપી'ની કવિતામાં ભરપૂર વહયાં છે. એવું પ્રતિપાદન કર્યું છે. કલાપી ની કવિતાનું સર્વાનુભવ રસિક અને સ્વાનુભવરસિક એમ બેપ્રકારે વર્ગીકરણ કરી કલાપી કવિ નથી પણ સ્નેહી છે એવું પોતાનું મંતવ્ય દઢપણે રજૂ કર્યું છે.[૨૧]

'કલાપી'ને કવિ કહેવા કરતાં સ્નેહી કહેવા માટે સાગરે એરીસ્ટોટલની કવિતાની વિભાવના સ્વીકારી છે જે યોગ્ય નથી : "કલાપીનો હૃદયનો જીવંત સ્થાયીભાવ કવિતા ન હતો, એ કવિ નથી".[૨૨]

'સાગર' પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહે છે કે : "કવિના કૌશલ કરતાં લાગણીનું અને કલ્પના કરતાં હૃદયની સરળતાનું પ્રાધાન્ય સવિશેષ છે" 'કલાપી'ની કવિતાનો મૂળ આધારભૂત પાયો સ્નેહ છે. અને કવિતાના કાવ્યત્વની પરીક્ષાને બદલે હૃદયના જીવન્ત સ્થાયીભાવ પરથી કવિતાનું મૂલ્યાંકન કરવામાં આવે તો નરસિંહ, અખો અને દયારામ તેમ કલાપી પણ સ્નેહી છે કવિ નથી" એવું વિધાન પણ સાગરે કર્યું છે.[૨૩]

'બિલ્વમંગળ', 'કન્યાને કોચ', 'પુત્રીઅરણથી હસતો પિતા,' 'સારસી,' 'ભરત,' અને 'પહાડી રાધુ'માં નિરૂપાયેલી સ્નેહની

---

૨૦. એજન, પૃ. ૯ : ૨૧. એજન, પૃ. ૧૩
૨૨. એજન : ૨૩. એજન

વિભાવનાઓ દૃષ્ટાંતો આપી સમજાવી છે.

'કલાપી'ના કેકારવનો પોતાની આધ્યાત્મિક દૃષ્ટિએ સાગરે કરેલો સૂક્ષ્મ અભ્યાસ આ પુસ્તિકામાં જોઈ શકાય છે. લાગણીશીલતા તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિકોણ ધ્વારા દરેક વસ્તુને જોવાની વૃત્તિને કારણે 'સાગર' વિવેચક તરીકેનું તાટસ્થ્ય જાળવી શકયા નથી. પ્રારંભકાળની અવસ્થામાં સાગરે કેટલાંક ગધલેખો લખ્યાં છે. બુધ્ધિપ્રકાશમાં : ઈ.સ. ૧૯૦૬ ડીસેમ્બરથી ઈ.સ. ૧૯૦૭ જૂન : પ્રગટ થયેલો. વેદમાનું પદાર્થ વિજ્ઞાન, આપણા દેશની સ્ત્રીઓનું શિક્ષણ અને તેમાં સુધારણા (અંક ૯-૧૦ ઈ.સ. ૧૯૦૬), માતાનું કર્તવ્ય (અંક ૧૧ ઈ.સ. ૧૯૦૬), ઈંગ્રેજી લોકોની ગૃહસ્થિતિ (અંક ૬ ઈ.સ. ૧૯૦૫) તેમ જ એક ઐતિહાસિક સામ્ય (અંક ૫ ઈ.સ. ૧૯૦૫). આ લેખોમાં 'સાગર'ની ભાવવાહી અને સચોટશૈલીનું દર્શન થાય છે. 'સાગર'નાં ગધલેખોમાં વેદમાંનું પદાર્થ વિજ્ઞાન લેખ ખાસ ધ્યાન ખેંચે છે. સંપાદન-સંશોધન અને વિવેચન ક્ષેત્રમાં 'સાગર'નું પ્રદાન કયા પ્રકારનું છે તે આપણે વિગતે જોઈ ગયા.